રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત
સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની
યોજનામાં સુધારો:

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 26 NOV 2014

વંચાણે લીધા: (૧) MNRE નો પત્ર ક્રમાંક: ૪૨/૨૫/૨૦૧૪-૧૫/પીવીએસઇ, તા. ૩૧/૦૮/૨૦૧૪
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા. ૨૫/૦૯/૨૦૧૪

**સુધારા ઠરાવ:**

રાજ્ય સરકારનાં વંચાણે લીધેલ ઉપર્યુક્ત ઠરાવથી રાજ્યનાં કૃષિ વીજ ગ્રાહકોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલમાં મૂકવામાં આવેલ **"સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના"** અંતર્ગત રૂ. ૫૦.૦૦ કરોડની અંદાજપત્રિય જોગવાઇ થકી ૧૦૦૦ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાનું ઠરાવવામાં આવેલ.

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૨ સામેનાં પત્રથી કેન્દ્ર સરકારનાં બિન પરંપરાગત ઉર્જા મંત્રાલય દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં ભારત દેશના તમામ રાજ્યમાં સોલાર વોટર પમ્પ સેટ્સ પૂરા પાડવાની નવી યોજના નિયત થયેલ છે અને તદઅંતર્ગત ગુજરાત રાજ્ય માટે ખર્ચના ૩૦% પેટે શરુઆતના તબક્કે રૂ. ૧૦.૦૦ કરોડની રકમ અંકિત (earmarked) કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની યોજના સાથે રાજ્ય સરકારની યોજનામાં એકસૂત્રતા લાવવા સારુ કેન્દ્ર સરકારનો ફાળો, રાજ્ય સરકારની જોગવાઇ તેમજ લાભાર્થી ફાળાની અંદાજિત રકમને અનુલક્ષીને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે અગાઉ નિયત થયેલ ૧૦૦૦ સોલાર પમ્પ સેટ્સ ના સ્થાને હવે ૧૫૦૦ સોલાર પમ્પ સેટ્સ નો લક્ષ્યાંક નિયત કરી નીચે મુજબની સહાય ફોર્મ્યુલા નિયત કરવામાં આવેલ છે જેનું અંદાજિત ખર્ચ અને અંદાજિત સહાય માળખુ નીચે મુજબ રહેશે.

| સોલાર પમ્પ સેટ્સ | પ્રતિ પમ્પ ખર્ચ (રૂ. લાખમાં) | કુલ ખર્ચ (રૂ. લાખમાં) | રાજ્ય સરકારની ગ્રાન્ટ (રૂ. લાખમાં) | MNRE ની ૩૦% લેખે સહાય (રૂ. લાખમાં) | લાભાર્થીનો અંદાજિત ૫% લેખે ફાળો (રૂ. લાખમાં) | કુલ ફાળો (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧૫૦૦ | ૫.૦૦ | ૭૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૨૨૫૦.૦૦ | ૩૭૫.૦૦ | ૭૬૨૫.૦૦ |

ઉપર દર્શાવેલ લાભાર્થીનો ૫% લેખેનો ફાળો અંદાજિત છે. પાત્રતા ધરાવતા અરજદારોએ તા. ૨૫/૦૯/૨૦૧૪ નાં મૂળ ઠરાવની શરત ક્રમાંક: ૯ મુજબ ગ્રાહકફાળાની રકમ ભરપાઇ કરવાની રહેશે.

વધુમાં, લક્ષ્યાંકમાં ફેરફારને અનુલક્ષીને હવે વીજ કંપનીવાર લક્ષ્યાંક નીચે મુજબ રહેશે.

| વીજ વિતરણ કંપની | સૌર ઉર્જા પમ્પ સેટ્સની સંખ્યા |
|---|---|
| દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. | ૧૫૦ |
| મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ૧૫૦ |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. | ૧૦૫૦ |
| ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ૧૫૦ |
| કુલ......... | ૧૫૦૦ |

ઠરાવની અન્ય શરતો/બોલીઓ તથા અન્ય વિગતો યથાવત રહેશે.

ભારત સરકારના MNRE ના પત્રમાં નિર્દિષ્ટ બાબતો પરત્વે સ્ટીયરીંગ કમિટીની રચના ઉપરાંત તમામ હાથ ધરવાની થતી જરુરી આનુષાંગિક કાર્યવાહી નાયબ સચિવશ્રી (NCE) એ ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના પરામર્શમાં હાથ ધરી સહાયની દરખાસ્ત ભારત સરકારને મોકલવાની રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

( એચ. એફ. ગાંધર્વ)
સરકારના સંયુક્ત સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (નાણાં) ના અંગતસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમેટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (NCE), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ